# પ્રોવિન્સની ઘોષણા અનુસરીને સીટી ઓફ બ્રેમ્પટન ક્ષમતા પ્રતિબંધો (કેપેસિટી રિસ્ટ્રિક્શન્સ) હટાવશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓક્ટોબર 22, 2021) – આજે ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોની ઘોષણા પછી, સીટી ઓફ બ્રેમ્પટન ઓન્ટેરિયોને સુરક્ષિતપણે ફરીથી ખોલવાની અને લાંબા-ગાળા માટે COVID-19 ને કાબૂમાં રાખવાની યોજના અનુસાર પ્રતિબંધો સુરક્ષિતપણે હટાવવાની તૈયારી કરશે. આપણાં સમુદાયની અને ઓન્ટેરિયોના આરોગ્ય સંભાળ ભાગીદારોની કટિબદ્ધતાને આભારી થતા, આપણે આગળ વધી શકીએ છીએ. ઓક્ટોબર 22, 2021 નાં રોજ, ઓન્ટેરિયોની પાત્રતા ધરાવતી આશરે 84 ટકા જેટલી વસ્તીનું સંપૂર્ણ રસીકરણ થયું છે, જેઓને COVID-19 રસીઓના 22.3 મિલિયન ડોઝ સમગ્ર પ્રોવિન્સમાં આપવામાં આવ્યા છે.

સોમવાર, ઓક્ટોબર 25 નાં રોજ મધરાત્રીએ 12:01 વાગ્યે, નીચે જણાવેલા સ્થળો રસીકરણના પુરાવાની જરૂર હોય ત્યાં ક્ષમતા સીમાઓ અને વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાની જરૂરિયાતો હટાવી શકશે.

- રમતગમત, મનોરંજનલક્ષી ફિટનેસ સગવડો (જેમ કે, જીમ્સ), શારીરિક તંદુરસ્તી તાલીમ અને વોટરપાર્ક્સ
- કેસિનો, બિંગો હૉલ્સ અને અન્ય ગેમ્સ એસ્ટાબ્લિશમેન્ટ્સ
- મીટિંગ અને પ્રાસંગિક આયોજનો (ઇનડોર)

નીચે જણાવેલા સ્થળો જો રસીકરણનો પુરાવો જરૂરી હોવાનું પસંદ કરે તો ક્ષમતા સીમાઓ અને વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાની જરૂરિયાતો હટાવી શકશે.

- અંગત સંભાળ સેવાઓ (દા.ત., બાર્બર શોપ્સ, સલુન્સ, બોડી આર્ટ);
- મ્યુઝીયમ્સ, ગેલેરીસ, એક્વેરિયમ્સ, ઝૂ, સાયન્સ સેન્ટર્સ, લેન્ડમાર્ક્સ, ઐતિહાસિક સ્થળો, વનસ્પતિજન્ય બગીચાઓ અને સમાન આકર્ષણો જેવા ઇનડોર વિસ્તારો;
- એમ્યુઝમેન્ટ પાર્ક્સ જેવા ઇનડોર વિસ્તારો;
- મેળાઓ, ગ્રામ્ય પ્રદર્શનો, તહેવારો ઉજવવાના ઇનડોર વિસ્તારો;
- ઇનડોર પ્રવાસ અને માર્ગદર્શક સેવાઓ;
- બોટ પ્રવાસો;
- મરિના અને બોટિંગ ક્લબ્સ જેવા ઇનડોર વિસ્તારો;
- આઉટડોર મનોરંજનલક્ષી સગવડોમાં ઇનડોર ક્લબહાઉસીસ;
- રીયલ એસ્ટેટ એજન્સીઓ દ્વારા પૂરા પડાતા ઓપન હાઉસ આયોજનો; અને
- ફોટોગ્રાફી સ્ટુડિયો અને સેવાઓના ઇનડોર વિસ્તારો.

આગામી છ મહિના દરમિયાન ઓન્ટેરિયો બાકીના જાહેર આરોગ્ય અને કાર્યસ્થળે સુરક્ષા ઉપાયો ધીમે ધીમે હટાવવા કામ કરશે, જેમાં ઇનડોર જાહેર સ્થળોએ રસીકરણનો પુરાવો અને માસ્કસ પહેરવાની પ્રોવિન્સની જરૂરિયાતો સામેલ છે.

સપ્ટેમ્બર 22 થી સંખ્યાબંધ ધંધાઓ અને સ્થળોમાં પહોંચવા સંપૂર્ણ રસીનો પુરાવો હોવો અનિવાર્ય બન્યો છે. ઓક્ટોબર 22, 2021 નાં રોજ, 4.8 મિલિયન જેટલા ઓન્ટેરિયોવાસીઓએ પોતાનું સુધારેલું રસી પ્રમાણપત્ર ડાઉનલોડ કર્યું છે, અને એક મિલિયન લોકો વેરિફાય ઓન્ટેરિયો ઍપ ઉપયોગમાં લઇ રહ્યાં છે. તમારું રસી પ્રમાણપત્ર અહીં ક્લિક કરીને ડાઉનલોડ કરો.

પ્રોવિન્સોની ઘોષણા પર વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, ontario.ca/news

## સીટી સેવાઓ અને સગવડો

બ્રેમ્પટન એન્ટરપ્રેન્યોર સેન્ટર
અમે અમારા સ્ટાફ અને ક્લાયન્ટ્સનું આરોગ્ય અને સુરક્ષા પર ધ્યાન આપવાનું ચાલુ રાખીએ છીએ ત્યારે બ્રેમ્પટન એન્ટરપ્રેન્યોર સેન્ટર આગળ નોટિસ આપતા સુધી રૂબરૂમાં મુલાકાતો માટે બંધ રહેશે. આપણાં દ્વારા સુરક્ષિત અને છેવટે રિઓપનિંગ પર વધુ માહિતી ઉપલબ્ધ થાય એટલે આપવામાં આવશે.

સ્થાનિક ધંધાઓ વર્ચ્યુઅલ કાર્યક્રમો અને સેવાઓ સુધી પહોંચવાનું ચાલુ રાખી શકે છે અને માહિતી અને સહાયતા માટે bec@brampton.ca ઇમેઇલ સરનામે સંપર્ક કરી શકે છે.

મનોરંજન

સીટી ઓફ બ્રેમ્પટનની ફિટનેસ સગવડો સોમવાર, ઓક્ટોબર 25 થી શરૂ કરીને વધારેલી સગવડોની છૂટ આપશે. પહેલેથી નોંધણી અને રસીકરણનો પુરાવો બધી મુલાકાતો માટે હજુ પણ જરૂરી બનશે. વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, brampton.ca/recreation

**રસીકરણ**

રસીકરણ તમને પોતાને અને અન્ય લોકોને સુરક્ષિત કરવાની શ્રેષ્ઠ રીત છે. પીલમાં રહેતી, કામ કરતી કે સ્કૂલે જતી અને 12 કે વધારે વર્ષની કોઈપણ વ્યક્તિ પોતાની પહેલા ડોઝની એપોઇન્ટમેન્ટ બૂક કરાવી શકે છે. COVID-19 રસીકરણ પર સૌથી અદ્યતન માહિતી માટે, પ્રોવિન્સનું વેક્સિન પોર્ટલ જુઓ.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ બ્રેમ્પટન દ્વારા COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- QR કોડ અને વેરિફાય ઓન્ટેરિયો ઍપ સાથે સુધારેલું COVID-19 રસી પ્રમાણપત્ર
- COVID-19 થી તમારે પોતાનું અને અન્ય લોકોનું રક્ષણ કરવું
- COVID-19 વેક્સીન્સ (રસીઓ)

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca